(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ કમાંક જજઅ/૧૦૨૦૧૪/૨૦૯૭૬૨/છ તા.૦૮/૧૦/૨૦૧૪

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ કમાંક જજઅ/૧૦૨૦૧૪/૨૦૯૭૬૨/છ તા.૨૩/૧૨/૨૦૧૫

(૩) જી.એસ.સી.પી.એસ.નીફાઇલ કમાંક નં.DSD/ ICPS/ GSCPS-ACT/ 2016-17/38ની પાના નં.N/17 પર તા.૧૪/૦૨/૨૦૧૭ની માન.ચેરમેનશ્રી, જી.એસ.સી.પી.એસ.ની મળેલ મંજુરી

(૪) સામાન્ય વહીવટ વિભાગ ના ઠરાવ નં.મકમ/૨૦૦૪/૨૫૩૯-૧/ખ-૩ તા.૦૧/૦૪/૨૦૧૦

(૫) અત્રેની કચેરીના મહેકમ શાખાના આદેશ નં કમાંક-સસુખા / મકમ/ ૨૦૧૭-૧૮ / ૨૦૪૦ તા.૨૦/૦૪/૨૦૧૭

(૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ કમાંક મકમ / ૧૦૨૦૦૮/ ન.બા.૨૦/ છ તા.૨૪/૦૯/૨૦૦૯

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ કમાંક જજઅ/૧૦૨૦૦૦/૪૮૫(૧)/ ૪૧૪૧૩૫/છ તા.૨૪/૦૨/૨૦૨૦

(૮) ભારત સરકારના મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલયના પત્રનં.CW-II-22/51/2015-CW-II તા ૨૦/૧૨/૨૦૧૯ અને તા ૧૬/૦૭/૨૦૨૦ ની પ્રોજેક્ટ એપ્રુવલ બોર્ડ (PAB) ની મિટીંગ મિનિટસ.

(૯) ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી, ગાંધીનગરના પત્ર કમાંક નં. જીએસસીપીએસ/૨૦-૨૧/૧૯૩૪ તા.૨૩/૦૬/૨૦૨૦

(૧૦) જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, પોરબંદરના પત્ર કમાંક નં. સસુઅપો/૨૦૨૦-૨૧/૨૭૪ તા.૦૩/૦૬/૨૦૨૦

નં.સસુખા/સીપીડી/CCI/ PAB/૨૦૧૯-૨૦/2632 તા: 25/૦૯/૨૦૨૦

આદેશ

ઉપરોક્ત વંચાણ (૧) ઠરાવ થી સંકલિત બાળ સુરક્ષા યોજના (ICPS) ની સુધારેલ નવી માર્ગદર્શીકાની જોગવાઇઓનો અમલ કરવામાં આવતા વંચાણ (૨) ઠરાવ થી સંકલિત બાળ સુરક્ષા યોજના (ICPS) હેઠળ પ્રોજેક્ટ એપ્રુવલ બોર્ડ (PAB) દ્વારા અપાયેલ મંજુરી મુજબ રાજ્યમાં કાર્યરત સરકારી બાળકિશોરો/કિશોરીઓની બાળ સંભાળ સંસ્થાઓમાં ૧૧ માસના કરાર આધારિત મહેકમની નિયુક્તિની અનુમતિ આપવામાં આવેલ છે તે મુજબ વંચાણ-૩ અને ૪ ને ધ્યાને લઇ વંચાણ પથી મહેકમ શાખાના આદેશથી ખાતા હસ્તકના સરકારી ચિલ્ડ્રન હોમને ૧૧ માસના કરાર આધારિત મહેકમની મજુરી આપવામાં આવેલ હતી.

વંચાણ (૬) ઠરાવ થી પાટણ, આણંદ અને પોરબંદર જીલ્લામાં બાળકિશોરો/કિશોરીઓ માટે બે-બે સરકારી ચિલ્ડ્રન હોમ શરૂ કરવાની નિયમીત મહેકમ સાથે વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી. છેલ્લે વંચાણ (૭) ઠરાવ થી પાટણ, આણંદ અને પોરબંદર જીલ્લામાં બાળકિશોરો/કિશોરીઓ માટે બે-બે સરકારી ચિલ્ડ્રન હોમ ના મહેકમની મુદત વધારવામાં આવેલ છે. વંચાણ (૮) થી પોરબંદર જીલ્લામાં બાળકિશોરો માટેના સરકારી ચિલ્ડ્રન હોમની પ્રોજેક્ટ એપ્રુવલ બોર્ડ (PAB) દ્વારા અપાયેલ મંજુરી તેમજ વંચાણ પત્ર (૯) અને (૧૦) ની રજુઆતને ધ્યાને લઇ પોરબંદર જીલ્લામાં બાળકિશોરો માટેના સરકારી ચિલ્ડ્રન હોમ સંસ્થામાં ૧૧ માસના કરાર આધારિત મહેકમની નિયુક્તિની અનુમતિ સંકલિત બાળ સુરક્ષા યોજના (ICPS) ની સુધારેલ નવી માર્ગદર્શીકાની જોગવાઇને ધ્યાને લઇ નીચેને શરતોને આધીન સંસ્થા માટે નીચે જણાવ્યા મુજબના ૧૧ માસના કરાર આધારીત મહેકમ મંજુરી આપવામા આવે છે જેની વિગત નીચે મુજબ છે.

ક્રમ	હોદ્દો	કર્મચારીની સંખ્યા	ચૂકવવાનું માનદ વેતન (પ્રતિ માસ)
૧	ઓફિસર ઇન્ચાર્જ (સુપ્રિન્ટેડન્ટ)	૧	૨૫,૦૦૦/-
૨	પરામર્શક (કાઉન્સેલર)	૧	૧૭,૫૦૦/-
૩	પ્રોબેશન અધિકારી/ચાઇલ્ડ વેલ્ફેર અધિકારી /કેસવર્કર	૧	૧૭,૫૦૦/-
૪	હાઉસ મધર કે હાઉસ ફાધર (ગૃહમાતા/ગૃહપિતા)	૨	૧૧,૦૦૦/-
૫	સ્ટોરકીપર કમ એકાઉન્ટન્ટ	૧	૧૪,૦૦૦/-
૬	પેરા મેડીકલ સ્ટાફ	૧	૯,૦૦૦/-
૭	કુક (રસોઇયા)	૧	૭,૫૦૦/-
૮	હેલ્પર/ગાર્ડ	૨	૬,૦૦૦/-
૯	હાઉસ કીપર-આયા	૧	૬,૦૦૦/-
૧૦	M.B.B.S.ડૉક્ટર (પાર્ટ ટાઇમ/સ્વૈચ્છિક)	૧	૧,૫૦૦/-

ઉકત સંસ્થામાં ૧૧ માસના કરાર આધારિત મહેકમની મંજુરી આપવામાં આવતાં સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ કમાંક મકમ/૧૦૨૦૦૮/ન.બા.૨૦/છ

તા.૨૪/૦૯/૨૦૦૯ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક જજઅ/૧૦૨૦૦૦/૪૮૫(૧)/ ૪૧૪૧૩૫/છ તા.૨૪/૦૨/૨૦૨૦ ઠરાવ દ્વારા અગાઉ મંજુર કરાયેલ નિયમિત મહેકમ પૈકી હાલ માત્ર ખાલી રહેલ અને આ હુકમથી મંજુર થયેલી છે તેવી જ ક્રમ નં (૧) થી (૧૦) મુજબની જગ્યાઓ ભરવાની રહેશે.

<u>શરતો.</u>

(૧). ઉપરોકત ક્રમ-૨ સિવાયના ક્રમ-૧,૩,૪,૫ ના વર્ગ-૩ના મંજુર થયેલ મહેકમના કર્મચારી નિયમિત પગાર ધોરણમાં ફરજ બજાવતા હશે તો આ આદેશ અન્વયે ૧૧ માસ કરાર આધારિત નિમણુંક આપવાની રહેતી નથી પરંતુ જો નિયમિત પગાર ધોરણમાં ફરજ બજાવતા કર્મચારી નિવૃત્તિ થાય કે બીજા કોઇ કારણોસર જગ્યા ખાલી પડે અથવા મહેકમની જગ્યા ખાલી હોય તો કરાર આધારિત નિમણુંક આપવાની રહેશે.

(૨) સંકલિત બાળ સુરક્ષા યોજના (ICPS) નવી માર્ગદર્શિકા મુજબ ૧૧ માસનો કરાર આધારિત મહેકમ માટેના નીતિ નિયમો તેમજ વખતો વખત થતા સુધારા સહિતના નીતિ નિયમો મુજબ લાગુ પડશે.

(૩) ૧૧ માસના કરાર આધારિત ઉમેદવારોની નિમણુંક માટે જિલ્લા કક્ષાની પસંદગી સમિતિની રચના કરવાની રહેશે. જેમાં જિલ્લા કક્ષાએ કલેક્ટરશ્રી, જિલ્લા બાળ સુરક્ષા એકમના ચેરમેન હોવાથી તેઓ અધ્યક્ષ સ્થાને રહેશે. તથા જે તે જિલ્લાના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી અને જિલ્લા બાળ સુરક્ષા અધિકારી સભ્ય રહેશે. આ ભરતી અંગેની સઘળી કામગીરી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીએ હાથ ધરવાની રહેશે. આ અંગેની જાહેરાત જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી સભ્ય સચિવશ્રી હોઇ તેઓએ આપવાની રહેશે. તથા આ ખર્ચ જે તે ચીલ્ડ્રન હોમના નામે બિલ મેળવી ઉધારવાનો રહેશે

(૪). ક્રમ ૧ થી ૫ ની વર્ગ-૩ની ૧૧ માસ કરાર આધારિત જગ્યાઓ રાજ્યના એક અગ્રગણ્ય વર્તમાન પત્રમાં જાહેરાત આપી અરજીઓ મેળવી ઇન્ટરવ્યુ યોજી જિલ્લા પસંદગી સમિતિ દવારા આપેલ ગુણાંનુક્રમના આધારે મેરીટ બનાવી યાદીમાં પસંદગી પામેલ ઉમેદવારોની નિમણૂક આપવાની મંજુરી આપવામાં આવે છે. ક્રમ-૬ થી ૯ ઉપરની જગ્યાઓ પર જિલ્લા કલેક્ટરશ્રી અથવા રાજયના આરોગ્ય વિભાગ અથવા તેના હસ્તકની સોસાયટીઓ દ્વારા નક્કી થયેલી આઉટસોર્સિંગ એજન્સીઓ અથવા સરકાર અન્ય કોઈપણ વિભાગ/ ખાતા/કચેરી દ્વારા નિયત થયેલ આઉટસોર્સિંગ એજન્સી પાસેથી વંચાણનં (૪) ના ઠરાવની શરતોને ધ્યાને લઇ સેવા લેવાની રહેશે. ક્રમ-૧૦ની જગ્યા પર પાર્ટ ટાઇમ વી.એમ.ઓ.(VMO) ની જગ્યા પર M.B.B.S. તબીબીની માનદ્ સેવાઓ લેવાની રહેશે.

(૫) સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક મકમ/૧૦૨૦૦૮/ન.બા.૨૦/છ તા.૨૪/૦૯/૨૦૦૯ અને સામાજિક ન્યાય અને અધિકારીતા

વિભાગનો ઠરાવ કમાંક જજઅ/૧૦૨૦૦૦ /૪૮૫(૧)/ ૪૧૪૧૩૫/છ તા.૨૪/૦૨/૨૦૨૦ ઠરાવ મુજબ મંજુર કરાયેલ નિયમિત મહેકમ પૈકી સરકારશ્રી/નિયામકશ્રી દ્વારા ક્રમ-(૧), (૩) ,(૪) (૫), (૭) અને (૮) પર સરકારી અધિકારી/કર્મચારીશ્રીની ડેપ્યુટેશન પર નિમણૂંક કરવામાં આવે તો કરાર આધારિત કર્મચારીની નિમણુંકનો અંત આવશે અને ડેપ્યુટેશન પર મુકાયેલ અધિકારીને ફરજ પર હાજર કરવાના રહેશે.

(૬) મંજુર કરવામાં આવેલ મહેકમ મુજબના સ્ટાફની ભરતી ૦૬ માસના સમયગાળામાં કરવામાં નહીં આવે તો આપેલ મંજૂરી આપોઆપ રદ થયેલ ગણાશે.

(૭) ક્રમ- ૦૧ થી ૦૫ ની જગ્યાના ભરતી નિયમોની વિશેષ જાણકારી અથવા સંદર્ભ માટે https://sje.gujarat.gov .in/dsd/ વેબસાઇટ ઉપર ઉપલબ્ધ ઠરાવ/પરિપત્રો/સુચનાઓ ધ્યાને લેવાના રહેશે. સદર જગ્યાઓના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત, ઉંમર તથા અનુભવ અંગેની સંકલિત માહીતી આ સાથેના પત્રક-(૧) માં સામેલ રાખેલ છે.

(૮) ૧૧ માસના કરાર આધારિત મહેકમ પર નિમણુંક પામેલ ઉમેદવારોને માસિક ફિકસ વેતનની ચુકવણી સંબંધિત જીલ્લા બાળ સુરક્ષ એકમને નાણાંકીય વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટમાંથી કરવાના રહેશે.

(૯) ૧૧ માસના કરાર આધારિત મંજુર કરવામાં આવેલ મહેકમ પૈકી ક્રમ-૦૬ થી ૦૯ ની આઉટસોર્સ કર્મચારીઓના આઉટસોર્સ એજન્સીના બીલોની ચુકવણી જે તે જિલ્લા બાળ સુરક્ષા એકમ ધ્વારા કરવામાં આવશે.

(૧૦) ૧૧ માસના કરાર આધારે ફિકસ પગારથી કરવામાં આવનાર નિમણુંકની સેવાઓ અને બોલીઓ આ સાથે બીડેલ પત્રક-(૨) માં જણાવ્યા મુજબ શરતોને આધીન રહેશે.

બિડણ- પત્રક- (૧) અને (૨)

નિયામક
સમાજ સુરક્ષા ખાતુ
ગુજરાત રાજય, ગાંધીનગર

નકલ સવિનય રવાના :-

(૧) જીલ્લા કલેક્ટરશ્રી અને ચેરમેનશ્રી, જીલ્લા સુરક્ષા એકમ , જીલ્લા સેવા સદન પોરબંદર ને જાણ સારૂ.

(૨) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી, ગાંધીનગરને જાણ તથા આનુસંગિક કાર્યવાહી અર્થે.

(૨) નાયબ સચિવશ્રી(સ.સુ.), સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ નવા સચિવાલય, ગાંધીનગરને જાણ સારૂ

નકલ રવાના :-

(૧) નાયબ નિયામકશ્રી, મહેકમ શાખા, વડી કચેરી, ગાંધીનગર ને જાણ સારૂ

(૨) હિસાબી અધિકારીશ્રી(વર્ગ-૧) ,હિસાબી શાખા, વડી કચેરી, ગાંધીનગરને ને જાણ સારૂ

(૩) સભ્ય સચિવશ્રી જીલ્લા પસંદગી સમીતિ અને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી,પોરબંદર ને જાણ તથા આનુષંગિક કાર્યવાહી અર્થે

(૪) જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી, પોરબંદર ને જાણ તથા આનુષંગિક કાર્યવાહી અર્થે

(૫) અધિક્ષકશ્રી સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોઈઝ પોરબંદર ને જાણ તથા આનુષંગિક કાર્યવાહી અર્થે

(૬) આદેશ ફાઈલ